મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની દુકાનોમાંથી ૩૬ કિલો પ્લાસ્ટીક જપ્ત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટીક ઝુંબેશ તંત્ર દ્વારા ફરીવાર પ્રારંભ કરવામાં આવી છે. શહેરની દુકાનોમાંથી તેમજ લારીઓમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ તેમજ બેગ તંત્રની ટીમે કબ્જે કરી છે. શહેરના વિવિધ વિસ્તારની દુકાનોમાંથી અંદાજીત ૩૬ કિલો પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ જપ્ત કરી દેવામાં આવી છે. પ્લાસ્ટીકની ઝુંબેશ ફરીવાર સક્રિય થતા વેપારીઓમાં હાહાકાર મચી જવા પામ્યો હતો.તો બીજી તરફ શાકમાર્કેટમાં પ્લાસ્ટીકની બેગનો સૌથી વધુ ઉપયોગ થતા વેપારીઓમાં ચહલ પહલ વધી જવા પામી હતી.

પ્લાસ્ટિકના પ્રતિબંધ અંગે અગાઉ પણ શહેરમાં તીવ્ર ઝુંબેશ ચલાવવામાં આવી હતી. પ્લાસ્ટિકનો કચરો ગંદકી ફેલાવાની સાથે સાથે પર્યાવરણ, માણસો તેમજ પ્રાણીને નુકશાનકારક છે. સરકાર દ્વારા અવારનવાર પ્લાસ્ટિકના વપરાશને ઓછો તેમજ બંધ કરવા જાહેરાતો, વિવિધ જાગૃતિના કાર્યક્રમો કરવામાં પણ આવે છે. આજનો મનુષ્ય આ બધી આડઅસરો સમજે છે તેમ છતાં તેના વપરાશ પર કાબુ કરી શકતો નથી.

ગાંધીનગર શહેરમાં બેરોકટોક પ્રતિબંધિત પ્લાસ્ટીકની બેગ, ચાના કપ, થેલીઓ સહિતની વસ્તુઓ ખુલ્લેઆમ વેચાણ થાય છે. સરકારે નિયમ કરેલા માઈક્રોનથી ઓછી ગુણવતા ધરાવતી પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ પર્યાવરણ માટે હાનિકારક સાબિત થાય છે. પ્લાસ્ટીકની ચીજો પશુઓ પણ આરોગતા તેઓને આરોગ્ય પર અસર થાય છે. ત્યારે શહેરને પ્લાસ્ટીક મુકત કરવા માટે થોડા સમય અગાઉ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ત્યારે મનપાની ટીમ દ્વારા શહેરની દુકાનોમાંથી પ્લાસ્ટીક જપ્ત કરી દેવામાં આવ્યું હતું. અને પ્લાસ્ટીકની ચીજવસ્તુનું વેચાણ કરતા વેપારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. જેને પગલે શહેરમાંથી પ્લાસ્ટીક અદૃશ્ય થઈ ગયું હતું. પરંતુ તંત્રની કામગીરી ધીમી પડતા જ વેપારીઓએ ફરીવાર પ્રતિબંધિત પ્લાસ્ટીક વેચાણનો વેપલો શરુ કરી દીધો હતો. ત્યારે આજે મનપાની તંત્રની ટીમે સેકટર-૨૪, ૨૧, ૭ સહિત લારી ગલ્લા તેમજ દુકાનોમાંથી પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ જપ્ત કરી દીધી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાંથી તંત્રની પ્લાસ્ટીક ઝુબેંશની ટીમે ૩૬ કિલોથી વધુ પ્લાસ્ટીકના કપ, થેલી, ગ્લાસ, ડીશ સહિતની ચીજો જપ્ત કરી દીધી હતી અને વેપારીઓ સામે લાલ આંખ કરતા વેપારી આલમમાં પણ હોહા મચી જવા પામી હતી. જયારે બીજી તરફ શાકમાર્કેટમાં સૌથી વધુ પ્લાસ્ટીકની બેગનો વપરાશ વધુ થાય છે. જેથી આગામી સમયમાં તંત્રની ટીમની નજર શાકભાજીના વેપારીઓ પર પણ રહેશે.

સિવિલમાં એલઈડી લાઈટના અજવાળા પથરાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલી આઠમાળની ઈમારતના તમામ વિભાગમાં અત્યાર સુધી સાદી લાઈટના અજવાળા પથરાતા હતા. સાદી લાઈટ એલઈડી લાઈટ કરતા ઓછો પ્રકાશ આપે છે. તે ઉપરાંત વારંવાર લાઈટો ઉડી જવાના કિસ્સા પણ બનતા રહે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં આવેલ આઠમાળની ઈમારતમાં સૌ પ્રથમ એલઈડી લાઈટ ફીટ કરવાની કામગીરી સિવિલના ઈલેકટ્રીક વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે તાજેતરમાં જ ગાયનેક ઓપરેશન થિયેટરમાં એલઈડી લાઈટ ફીટ કરી દેવામાં આવી છે. જયારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં જે વોર્ડમાં સાદી લાઈટ ઉડી ગઈ હોય અને ફરિયાદ મળે તેના સ્થાને એલઈડી લાઈટ ફીટ કરવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. જેથી સિવિલમાં એલઈડી લાઈટના અજવાળા પણ પથરાય અને લાઈટ બિલમાં ધરખમ ફેરફાર પણ જોવા મળશે.

રાજયના પ્રજાજનોના ઘરમાં યોગ્ય પ્રકાશ મળી રહે અને વીજ વપરાશમાં ઘટાડો થાય તેવા ઉમદા હેતુંથી સરકારદ્વારા ઉજાલા યોજના હેઠળ રાહત દરે પ્રજાજનોને એલઈડી બલ્બ આપવામાં આવ્યા છે. રાજયની મોટાભાગની સરકારી કચેરીઓને પણ એલઈડી લાઈટથી સજજ કરી દેવામાં આવી છે. પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુદી સાદી લાઈટના અજવાળા પથરાતા હતા. ત્યારે હોસ્પિટલના તમામ વિભાગને ધીમે ધીમે એલઈડી લાઈટથી સજજ કરવા માટે ઈલેક્ટ્રીક વિભાગના કર્મચારીઓએ નિર્ણય લીધો છે. જેને પગલે ગાયનેક ઓટીમાંથી સાદી લાઈટો હટાવી એલઈડી લાઈટો ફીટ કરવામાં આવી છે. ૬૦૦ બેડની આઠમાળની ઈમારતમાં ૬૫ થી વધુ લાઈટો બંધ હાલતમાં છે. તેની જગ્યાએ ઈલેકટ્રીક વિભાગ ૩૬ વોલ્ટની એલઈડી લાઈટ ફીટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. એક એલઈડી લાઈટની અંદાજીત કિંમત રૂ. ૪ હજાર ગણવામાં આવી રહી છે. હોસ્પિટલમાં આગામી સમયમાં જે વિભાગમાં સાદી લાઈટના પ્રશ્નો જોવા મળશે ત્યાં નવી એલઈડી લાઈટ ફીટ કરવામાં આવશે તેમ ઈલેકટ્રીક વિભાગના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ભારતભરમાં સતર્કતા સપ્તાહ ઉજવાઈ રહ્યું છે અને વિવિધ સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર મુકત સમાજ અને રાષ્ટ્ર માટે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે ગાંધીનગરમાં દેનાબેંકના અંચલ કાર્યાલય દ્વારા સતર્કતા જાગરૂકતા બેઠક યોજવામાં આવી હતી. જેમાં બેંકના મુખ્ય સતર્કતા અધિકારી પરશુરામ પાંડા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર અંચલ કાર્લાલય પ્રબંધક વી.સી. ઉપાધ્યાય, ઉપઅંચલ પ્રબંધક સંજય કબાડ સહિત વિવિધ શાખાના પ્રબંધકો અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. બેઠકમાં રોજબરોજની સતર્કતા સાથે બાકીદારોની ઋણ વસુલી પર ધ્યાન આપવા અંગે ચર્ચા હાથ ધરાઈ હતી.

ગાંધીનગરમાં જલારામ જયંતિની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીના ભાગરૂપે યોજાયેલી જલારામયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું. સેકટર-૭માં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ જલારામ યાત્રાનું શ્રધ્ધાપૂર્વક સ્વાગત કરી જલારામ બાપાની આરતી ઉતારવામાં આવી હતી.

ગિયોડ પાટીયા પાસે બેફામ જતી કારની ટક્કરે વૃદ્ધાનું મૃત્યુ

ગિયોડ અંબાજી માતાના દર્શન કરીને બહાર નીકળી રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે વૃદ્ધાને પૂરપાટ જતી કારે અડફેટે લીધા હતા : વૃદ્ધાનું સારવાર દરમિયાન મૃત્યુ : અકસ્માત કરીને કાર સાથે ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૫

દહેગામ તાલુકાના રખિયાલ ખાતે રહેતા એક વૃદ્ધા ગઈકાલે બપોરે ગિયોડ મંદિરે અંબાજી માતાજીના દર્શન કરવા ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે હાઈવે ઉપરથી બેફામ ગતિએ જતી કારે રસ્તો ઓળંગી રહેલા આ વૃદ્ધાને અડફેટે લઈ લીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા આ વૃદ્ધાને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં તેમનું સારવાર દરમિયાન કમકમાટીભર્યુ મૃત્યુ હતી. તો બીજી તરફ અકસ્માત સર્જનાર કારચાલક કાર સાથે રફુચક્કર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે મૃતકના વૃદ્ધાનાં દીકરાની ફરિયાદને આધારે કાર ચાલક સામે ગુનો દાખલ કરી કારના નંબરના આધારે આરોપી સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા રખિયાલ ગામમાં શકિત માતાના મંદિર સામે રહેતા અજીતસિંહ રામસિંહ મકવાણાએ ચિલોડા પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. અજીતસિંહની ફરિયાદ મુજબ તેમના પિતા પાવાગઢ ગયા હતા અને માતા ગંગાબેન તેમના ભાઈના ઘરે ડભોડા ખાતે ગયા હતા. ડભોડાથી ગઈકાલે સવારે તેમના માતા ગંગાબેન ગિયોડ મંદિરે અંબાજી માતાના દર્શન કરવા ગયા હતા. માતાજીના દર્શન કરીને બહાર નીકળ્યા ત્યારે રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે ગંગાબેનને હાઈવે પરથી બેફામ ગતિએ નીકળેલી એક કારે અડફેટે લઈ લેતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. ગંગાબેનને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ ત્યાં તબિયત નાજુક જણાતાં ગંગાબેનને તાત્કાલિક વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગંગાબેનનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નીપજયું હતું. ગંગાબેનને અડફેટે લેનાર જીજે ૦૯ એજી ૬૧૭૦ નંબરની કારનો ચાલક કાર સાથે રફુચક્કર થઈ ગયો હતો. મૃતક ગંગાબેનના દિકરા અજીતસિંહને કારનો નંબર મળી ગયો હતો. જે આધારે અજીતસિંહે ચિલોડા પોલીસ મથકમાં કારના નંબર આધારે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને ગાંધીનગર હૂંફ પુરી પાડશે

ગાંધીનગર, તા.૧૫

શિયાળાના આગમન સાથે જ ગાંધીનગર સહિત રાજયમાં ઠંડીએ તેનું જોર બતાવવાનું ચાલુ કરી દીધું છે. શિયાળો જેમ જેમ આગળ વધશે તેમ તેમ ઠંડીનું પ્રમાણ વધતું જશે અને કડકડતી ઠંડીમા કામ કરતા શ્રમિકો, ઝુંપડપટ્ટી કે ખુલ્લામાં રહેતા ગરીબ અને જરૂરિયાત મંદ પરિવારોની હાલત કફોડી બનતી જશે. ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ શહેર વસાહત મહામંડળ, સદવિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી જરૂરિયાતમંદોને ઠંડીમાં હૂંફ પહોંચાડવાની સેવા પુરી પાડવામાં આવે છે જેનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સદવિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા માનવતાના સાદે ઝીલતા શિયાળાની કડકડતી ઠંડીમાં કામ કરતા શ્રમિકો તથા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ગરમ ધાબળા, સ્વેટર, પટ્ટા, ગરમ ટોપી વગેરે જેવા વસ્ત્રો પુરા પાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૪થી અત્યાર સુધીમાં અંદાજે ૧.૭૫ લાખ જરૂરિયાતમંદોને આ સેવા પુરી પાડવામાં આવી છે. આ સેવા યજ્ઞમાં આર્થિક સહયોગ જરુરી હોઈ શહેરના દાતાઓને સહયોગ પુરો પાડવા આયોજક સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવી છે. જે માટે સંસ્થાના પ્રતિનિધિઓનો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધીમાં ૨.૫૫ લાખ પગરખાનું વિના મુલ્યે જરૂરિયાતમંદોને વિતરણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આર્થિક સહયોગ આપવા માટે અરૂણભાઈ બુચ પ્રમુખ-શહેર વસાહત મહામંડળ-૨૩૨૬૦૩૭૦ તથા ૯૮૨૫૦૧૮૧૩૪, કિલ્લોલ કિશોરભાઈ દવે-૨૩૨૨૪૩૩૯, ભાનુભાઈ દવે-૮૧૪૦૭૬૨૨૬૮, કશ્યપભાઈ મહેતા-૨૩૨૩૬૩૩૦, શશિકાંત મોઢા-૨૩૨૩૧૭૬૬ તથા ૭૫૭૨૮૯૦૩૫૯, આર.એચ. ધામેચા-૯૮૨૪૪૧૬૦૦૨, નિલેન્દુ વોરા-૯૪૨૭૮૦૧૪૦૩, જયેશભાઈ ધ્રુવ-૯૮૨૫૩૯૮૩૩૮ મયુરભાઈ વ્યાસ-૨૩૨૨૫૩૮૦, ચંદ્રકાંત જોષી-૨૩૨૨૮૪૬૪, બી.એ.શુકલ-૨૩૨૨૬૨૭૫, નરેન્દ્ર ચૌહાણ-૯૪૨૭૦૫૬૮૪૫, સૂર્યકાંતભાઈ બારોટ-૯૯૧૩૩૭૭૩૬૧, ચંદુજી ઠાકોર-૯૯૭૯૫૦૭૫૭૬, સી.પી. સોની-૨૩૨૨૧૮૩૫, સી.ડી. ધનેશ્વર-૨૩૨૨૫૩૫૭, ઉદયભાઈ ત્રિવેદી-૯૯૨૪૫૧૫૬૪૯, લતાબેન ચોકસી-૨૩૨૨૦૧૬૦, સુધીરભાઈ દેસાઈ-૨૩૨૨૫૨૯૭, કરશનભાઈ પરમાર, ૯૯૦૯૪૬૦૫૨૩, સુનિલભાઈ શાહ-૯૮૨૫૪૧૯૦૧૯, જનકભાઈ રાવલ-૨૩૨૪૭૫૦૩, પી.ડી. પટેલ-૯૮૩૪૦૪૭૬૦૧, નિસર્ગ બુચ-૭૮૭૪૪૦૭૩૫૬, દિનેશસિંહ ચાવડા-૨૩૨૧૧૩૨૨, ભાલચંદ્ર શુકલ-૨૩૨૬૦૫૪૩, કિશોરભાઈ જીકાદરા-૯૮૭૯૪૭૫૧૩૦, ભરતભાઈ દિક્ષીત-૯૪૨૭૩૩૫૩૯૪, પ્રદિપ સોલંકી-૯૮૨૪૨૫૬૪૧૦, નીલાબેન પટેલ-૯૯૯૮૧૪૧૪૯૪, સીતારામભાઈ પટેલ-૯૩૭૯૬૦૬૩૭૬, અશોકભાઈ રીંડાણી-૯૮૨૫૬૦૯૦૫૬.

ચિરવિદાય

- સ્વ. પટેલ મંગુબેન રેવાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ જોઈતીબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૯૧
- સ્વ. સુરેશસિંહ રઘુવીરસિંહ રાજપૂત, ઉ.વ. ૨૦
- સ્વ. બિહોલા શંભુજી પ્રતાપજી, ઉ.વ. ૬૦
- સ્વ. પરમાર મણીબેન ભોલાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર સમુબેન નાથાજી, ઉ.વ. ૭૫
- સ્વ. પટેલ કોકીલાબેન કનુભાઈ, ઉ.વ. ૬૦

સે-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો





રેન્જ આઈજીપીની ઓફિસની પાછળ બે મકાનોમાંથી લાખોની મત્તાની ચોરી કરી તસ્કરોની પોલીસને વધુ એક લપડાક

ગાંધીનગર, તા.૧૫

તસ્કરો પોલીસ સ્ટેશનથી દૂર ઓછી અવરજવર વાળા વિસ્તારોમાં તો તરખાટ મચાવી જ રહ્યા છે પરંતુ હવે તો તસ્કરોની હિંમત એ હદે ખુલી છે કે ચાર જિલ્લાઓની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જેના શિરે છે તે ગાંધીનગર રેન્જ આઈ.જી.પી જયાં બેસે છે તેમની કચેરીની પાછળ જ આવેલી સોસાયટીમાં બે બંધ મકાનના તાળા તોડ્યા છે. રાત્રી દરમિયાન સેકટર-૨૭માં આઈજીપી ઓફિસની પાછળ આવેલી સ્વસ્તિક સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરોએ બે મકાનો ને ખુંદી નાખ્યા હતા અને તેમાંથી લાખોની મત્તાના દાગીના અને રોકડની ચોરી કરી લીધી છે. ચોરોએ કરેલી આ હિંમતથી પોલીસને વધુ એક લપડાક પડી છે. વસાહતીઓએ પોલીસને આ મામલે જાણ કરી હતી પરંતુ બંને મકાનના માલિક અન્ય રાજયમાં ફરવા ગયા હોવાથી પરત ઘરે ફરે ત્યારે ફરિયાદ નોંધાવશે તેવું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના સેકટર-૨૭ ખાતે આવેલી રેન્જ આઈજીપી ઓફિસની પાછળની સ્વસ્તિક સોસાયટીમાં પ્લોટ નંબર ૧૦૩૮માં રહેતા સુખબીરસિંઘ ધામી ગાંધીનગર જીઆઈડીસી ખાતે કાર સર્વિસ સ્ટેશન ચલાવે છે. સુખબીરસિંઘ ધામી તેમના પરિવાર સાથે પંજાબ ગયેલા છે. તેમના બંધ પડેલા મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવીને રાત્રી દરમિયાન હાથફેરો કરી લીધો હતો. મળતી વિગત મુજબ તેમના મકાનનુ તાળુ તોડીને અંદર ઘુસેલા તસ્કરોએ મકાનમાંથી સોનાનું બે તોલા વજનનુ કડુ, દોઢ તોલા વજનની સોનાની બે બંગડી, દોઢ તોલા વજનની સોનાની ચેન, ચાંદીની વજનદાર ઝાંઝર અને અંદાજે પાંચેક હજાર રૂપિયા રોકડની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગઈ છે. પડોશીઓ દ્વારા આજે સવારે મકાન માલિક સુખબીરસિંઘ ધામી ને ફોન કરી ને આ મામલે જાણ કરતાં તેમણે ઉપરોક્ત ચીજવસ્તુઓ પડી છે કે કેમ તેની ખરાઈ કરવા કહેતા આટલી વસ્તુ ચોરી થઇ હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. પંજાબથી પરત આવીને મકાનમાં તપાસ કર્યા બાદ વધુ મત્તાની ચોરી થઇ હોવાનું પણ હોઈ શકે છે. તો બીજી તરફ આ તસ્કર ટોળકીએ આ મકાનમાં હાથ ફેરો કર્યા બાદ આ જ સોસાયટીના બીજા બંધ મકાનને પણ નિશાન બનાવ્યું હતું. સ્વસ્તિક સોસાયટીના પ્લોટ નંબર ૧૦૨૨ માં રહેતા અનિલ કુમાર તેમના પરિવાર સાથે પોતાના વતન કેરાલા ગયા છે. તેમના બંધ મકાનનું તાળું તોડીને તસ્કરો અંદરથી સોનાની બુટ્ટી ચોરી કરી ગયા છે. મકાનમાં એક લેપટોપ અને પાંચ મોબાઈલો પણ હતા પરંતુ તેને તસ્કરોએ હાથ પણ અડાડ્યો નથી. જોકે આ મકાન માલિક અને પોલીસ ફરિયાદ કરવાનો ઇનકાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આજે સવારે આ મામલે સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને સ્થળ પરીક્ષણ કર્યું હતું પરંતુ બંને મકાનમાલિકો હાજર ન હોવાથી પોલીસ ફરિયાદ થઈ નથી.